પેજ3

## વાયરલ ગર્લ મોનાલિસા પતિને છોડીને ભાગી, ફરમાન પત્નીને શોધવા પુષ્કર આવ્યો



મુંબઈ, તા. 12 : મહાકુંભ વાયરલ ગર્લ મોનાલિસા આ દિવસોમાં પોતાની અંગત જિંદગીને લઈને ચર્ચાઓમાં છે. મહાકુંભ મેળામાંથી મોનાલિસા ભોસલે રાતોરાત વાયરલ થઈ ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ફરમાન ખાન મોનાલિસાને શોધવા નીકળ્યો છે. ફરમાને વીડિયો શેર કરીને જણાવ્યું હતું કે, તે મોનાલિસાને શોધવા માટે પુષ્કર આવ્યો છે. મોનાલિસા તેને છોડીને ભાગી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફરમાનના વીડિયો પર લોકોની જોરદાર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. જેમાં એક યુઝરે કોમેન્ટ કરતા લખ્યું- ક્યાંક કંઈક ખોટું તો નથી કર્યું ને મોનાલિસા સાથે અને હવે ડ્રામા કરી રહ્યા છો.

## અનંત અંબાણીની બર્થ-ડે ભજન સંધ્યામાં શાહરૂખ ખાન ઝૂમી ઊઠ્યો



મુંબઈ, તા. 12 : અનંત અંબાણીના જન્મદિવસની ભજન સંધ્યામાં શાહરૂખ ખાનના ડાન્સનો એક વીડિયો વાયરલ થયો છે. આ ક્લિપમાં અભિનેતા ત્યાં હાજર લોકો સાથે આનંદ માણતા અને ડાન્સ કરતા જોવા મળે છે. ભજન અને પરંપરાગત સંગીત પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે વાતાવરણ જીવંત છતાં ગરિમામય હતું. આ ઉજવણી 10 એપ્રિલના રોજ ગુજરાતના જામનગરમાં થઈ હતી, જ્યાં અનંતના 31મા જન્મદિવસ નિમિત્તે અનેક જાણીતી હસ્તીઓ એકઠી થઈ હતી.

# ઈરાનનું 60 દિવસમાં તેના 80% ઉર્જા માળખાને સુધારવાનું લક્ષ્ય

**અનેક** ક્ષતિગ્રસ્ત ઉર્જા માળખા પર સમારકામ શરૂ થઈ ગયું હોવાનું વરિષ્ઠ ઈરાની અધિકારીએ જણાવ્યું

**લાવન** રિફાઇનરીનો એક ભાગ લગભગ 10 દિવસમાં કાર્યરત થવાની અપેક્ષા : નાયબ તેલ મંત્રી મોહમ્મદ સાદેક



તહેરાન, તા. 12 : અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓએ ઈરાનના ઉર્જા માળખાને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે. ઈરાન હવે આ નુકસાનમાંથી બહાર નીકળવા માટે ઝડપથી પગલાં લઈ રહ્યું છે. એક વરિષ્ઠ ઈરાની અધિકારીએ જણાવ્યું હતું કે દેશ આગામી એકથી બે મહિનામાં તેની ક્ષતિગ્રસ્ત રિફાઈનિંગ અને વિતરણ ક્ષમતાના 70 થી 80 ટકા પુનઃસ્થાપિત કરવાની અપેક્ષા રાખે છે.

ઈરાનના નાયબ તેલ મંત્રી મોહમ્મદ સાદેક અઝીમીફારે જણાવ્યું હતું કે અનેક ક્ષતિગ્રસ્ત ઉર્જા માળખા પર સમારકામ શરૂ થઈ ગયું છે. તેમણે કહ્યું કે ટેકનિકલ ટીમો સતત કામ કરી રહી છે અને ઉત્પાદન સ્થિર કરવા અને તબક્કાવાર સિસ્ટમ ફરી શરૂ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. અઝીમીફારના જણાવ્યા મુજબ, લાવન રિફાઈનરીનો એક ભાગ લગભગ 10 દિવસમાં કાર્યરત થવાની અપેક્ષા છે. ત્યારબાદ અન્ય એકમો અને વિતરણ નેટવર્ક ધીમે ધીમે પુનઃસ્થાપિત કરવામાં આવશે.

મોહમ્મદ સાદેક અઝેમીફાર કહે છે કે ઈરાન આગામી બે મહિનામાં તેની રિફાઈનિંગ અને સપ્લાય સિસ્ટમને યુદ્ધ પહેલાના સ્તરે પુનઃસ્થાપિત કરવાનું લક્ષ્ય રાખે છે. જોકે, ટેકનિકલ ટીમો દ્વારા સમારકામની ગતિ અને ઉર્જા માળખાને થયેલા નુકસાનનું મૂલ્યાંકન સંપૂર્ણપણે સામાન્ય સ્થિતિમાં પુનઃસ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. તાજેતરના યુએસ અને ઈઝરાયલી હુમલાઓએ ઈરાનના ઉર્જા ક્ષેત્રને નોંધપાત્ર રીતે નુકસાન પહોંચાડ્યું છે, જેના કારણે તેલ અને ગેસ ઉત્પાદન અને પુરવઠા પર અસર પડી છે.

હવે, સરકાર અને ટેકનિકલ ટીમો નુકસાનને સુધારવા અને ઉર્જા પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે ઝડપથી કામ કરી રહી છે. અઝેમિફાર માને છે કે જો સમારકામ સમયસર પૂર્ણ થાય, તો ઈરાન ટૂંક સમયમાં તેના ઉર્જા પુરવઠાને સ્થિર કરી શકશે, જેની વૈશ્વિક તેલ બજાર પર પણ સકારાત્મક અસર પડશે.

# આશાજી માટે વહેતો થયલો શ્રદ્ધાંજલિનો પ્રવાહ

**આશાજીના** અવકાશથી દેશના સંગીત જગતમાં એક મોટો શૂન્યાવકાશ સર્જાયો છે

**રાષ્ટ્રપતિ,** વડાપ્રધાન સહિત અનેક મહાનુભાવો અને ફિલ્મી હસ્તીઓએ આપેલી અંજલિ



નવી દિલ્હી, મુંબઈ, તા. ૧૨: આજે અવસાન પામેલા પીઢ ગાયિકા આશા ભોંસલે માટે દેશભરમાંથી શ્રદ્ધાંજલિનો પ્રવાહ વહેતો થયો હતો જેમાં વડાપ્રધાન મોદીએ તેમને ભારતના મહાન બહુમુખી ગાયિકા ગણાવ્યા હતા.

શ્રદ્ધાંજલિ આપવામાં દેશની આગેવાની લેતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું હતું કે આશાજીના અવસાનથી દેશના સંગીત જગતમાં એક મોટો શૂન્યાવકાશ સર્જાયો છે. તેમના X પરના સંદેશમાં મોદીએ એમ પણ કહ્યું હતું કે, ભોંસલેની દાયકાઓ સુધી ફેલાયેલી અસાધારણ સંગીતયાત્રાએ ભારતીય સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ બનાવ્યો છે અને વિશ્વભરના અસંખ્ય હૃદયોને સ્પર્શ કર્યો છે. વડાપ્રધાન આશાજીના કુટુંબીજનો અને ચાહકો માટે આશ્વાસન વ્યક્ત કર્યું હતું. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે પીઢ પાર્શ્વ ગાયિકા આશા ભોંસલેના નિધન પર શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેમના અવાજ દ્વારા તેમની કળા લોકોમાં હંમેશા અમર રહેશે. જ્યારે કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાજુન ખડગેએ કહ્યું હતું કે આશાજીના અવસાન સાથે એક યુગની સમાપ્તિ થઈ છે. ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે તેમના બહુમુખી અવાજે તેમને વિવિધ પ્રકારના સંગીતમાં સહેલાઈથી પ્રવેશવાની તક આપી હતી, જેમાં તેમણે ભાવપૂર્ણ ગઝલો અને પરંપરાગત ભજનોમાં નિપુણતા મેળવી હતી. રાધાકૃષ્ણને કહ્યું, તેમનો અમર અવાજ અને સંગીતનો વારસો કરોડો લોકોના હૃદયમાં ગુંજતો રહેશે અને આવનારી પેઢીઓને પ્રેરણા આપતો રહેશે. ફિલ્મ ઉદ્યોગના સભ્યોએ તેમના વારસાને યાદ કર્યો હતો જેમાં બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાને તેમના અવાજને ભારતીય સિનેમાના સ્તંભોમાંનો એક ગણાવ્યો હતો. આ સુપરસ્ટારે કહ્યું, આશા તાઈના નિધનના સમાચાર જાણીને ખરેખર દુઃખ થયું છે... તેમનો અવાજ ભારતીય સિનેમાના સ્તંભોમાંનો એક રહ્યો છે અને આવનારા સદીઓ સુધી સમગ્ર વિશ્વમાં ગુંજતો રહેશે. એક એવી પ્રતિભા જે અનેક કરતા લાંબુ જીવશે, તેમણે હંમેશા મારા પર આશીર્વાદ અને પ્રેમ વરસાવ્યો છે અને મને તેમની ખોટ વર્તાશે. આશા તાઈ, તમારી આત્માને શાંતિ મળે... તમને ખૂબ પ્રેમ.

## ફ્રાન્સ-ઓસ્ટ્રેલિયા અને ભારતના રાજદૂતોએ શોક વ્યક્ત કર્યો

નવી દિલ્હી, તા. 12 (PTI): ભારતમાં ફ્રાન્સના રાજદૂત થિયરી માથુએ રવિવારે સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોંસલેના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. તેમણે તેમને એક 'વૈશ્વિક આઇકોન' તરીકે વર્ણવ્યા હતા, જેમણે 2014માં એક કોન્સર્ટ દરમિયાન ફ્રાન્સના પ્રેક્ષકોનાં દિલ પણ જીતી લીધાં હતાં. ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર ફિલિપ ગ્રીને જણાવ્યું હતું કે, તેઓ એવા અસંખ્ય વિદેશીઓમાંના એક છે જેઓ આ સદાબહાર ગાયિકાના સંગીતને ખૂબ પસંદ કરે છે.
વિવિધ દેશોમાં કાર્યરત અનેક ભારતીય રાજદૂતોએ પણ આ દિગ્ગજ પ્લેબેક સિંગરને શ્રદ્ધાંજલિ આપી હતી.

## નેપાળે આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપી

કાઠમંડુ, તા. 12 (PTI): મુંબઈમાં હૃદયરોગના હુમલા બાદ નિધન પામેલા લોકપ્રિય બોલિવૂડ ગાયિકા આશા ભોંસલેને રવિવારે નેપાળે શ્રદ્ધાંજલિ આપી હતી. ભોંસલે 92 વર્ષના હતા અને તેમણે 1970 અને 1980ના દાયકા દરમિયાન નેપાળી ફિલ્મોમાં અનેક ગીતોમાં પોતાનું યોગદાન આપ્યું હતું, જેના કારણે તેઓ નેપાળી પ્રેક્ષકોમાં લોકપ્રિય બન્યા હતા. એક લોકપ્રિય ઓનલાઇન ન્યૂઝ પોર્ટલ onlinekhabar.com લખે છે, તેમણે નેપાળી ફિલ્મો અને ગીતોમાં પોતાનો અવાજ આપ્યો છે, જેણે નેપાળી સંગીતને વૈશ્વિક સ્વાદ સાથે જોડવામાં મદદ કરી છે. નેપાળી સંગીતમાં તેમના યોગદાનથી નેપાળી પ્લેબેક ગીતોને નવી ઊંચાઈ પ્રાપ્ત કરવામાં મદદ મળી. તેમના ગીતો માત્ર હિટ જ નથી થયા, પરંતુ તે નેપાળી સંવેદનાઓ સાથે પણ ઊંડાણપૂર્વક જોડાયેલા છે."

## આજે પીએમ મોદી મહિલા સંમેલનને સંબોધશે

નવી દિલ્હી, તા. 12 (PTI): સંસદની બેઠક પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે અહીં રાષ્ટ્રીય સ્તરના મહિલા સંમેલનમાં હાજરી આપશે, જે દરમિયાન મહિલા અનામત કાયદામાં સૂચિત સુધારાઓ વિચારણા અને પસાર કરવા માટે લાવવામાં આવે તેવી શક્યતા છે. સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતની વિકાસયાત્રાને આકાર આપવામાં મહિલાઓની વધુ ભાગીદારી પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત કરવા માટે 'નારી શક્તિ વંદન સંમેલન'નું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## ઝારખંડમાં જંગલી હાથીઓએ બે મહિલાને કચડી મારી

ગુમલા/બોકારો તા. 12 (PTI): પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે ઝારખંડના ગુમલા અને બોકારો જિલ્લામાં જંગલી હાથીઓએ બે મહિલાઓને કચડીને મારી નાખી હતી.

ગુમલામાં આ ઘટના બસિયા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કરલોયા ગામ પાસેના જંગલ વિસ્તારમાં બની હતી, જ્યારે એક વિશાળ હાથીએ 56 વર્ષીય મહિલા પર હુમલો કર્યો હતો. તેમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

# મહિલા અનામત ૨૦૨૯ સુધી અમલી બને તે મહત્વનું : મોદી

**વડાપ્રધાને** લોકસભા, રાજ્યસભાના ફ્લોર લીડરોને પત્ર લખ્યો

**મહિલા** અનામત ખરડો સર્વાનુમતે પસાર કરવામાં સહકાર આપવા વિનંતી કરી

નવી દિલ્હી, તા. ૧૨(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ૨૦૨૯ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ મહિલા અનામત સાથે યોજાય તે આવશ્યક છે. તેમણે તમામ રાજકીય પક્ષોને મહિલા અનામત કાયદામાં સુધારા પસાર કરવા માટે એક અવાજે સાથે આવવા અપીલ કરી છે.

સંસદના ત્રણ દિવસીય વિશેષ સત્ર પૂર્વે લોકસભા અને રાજ્યસભાના ગૃહના નેતાઓને લખેલા પત્રમાં મોદીએ એમ પણ કહ્યું હતું કે, કોઈપણ સમાજ ત્યારે જ પ્રગતિ કરે છે જ્યારે મહિલાઓને પ્રગતિ કરવાની, નિર્ણય લેવાની અને વધુ મહત્ત્વની વાત એ છે કે નેતૃત્વ કરવાની તક મળે. તેમણે કહ્યું કે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વિઝનને સાકાર કરવા માટે એ જરૂરી છે કે મહિલાઓ આ યાત્રામાં વધુ મોટી અને સક્રિય ભૂમિકા ભજવે. વડાપ્રધાને ૧૧ એપ્રિલના રોજ લખેલા તેમના પત્રમાં જણાવ્યું હતું કે, વ્યાપક વિચાર-વિમર્શ પછી, અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે હવે દેશભરમાં 'નારી શક્તિ વંદન અધિનિયમ'ને તેના સાચા અર્થમાં લાગુ કરવાનો સમય આવી ગયો છે. તે અનિવાર્ય છે કે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણીઓ મહિલા અનામત સાથે યોજવામાં આવે.

મોદીએ કહ્યું કે ૨૦૨૯માં મહિલા અનામત કાયદાના અમલીકરણથી ભારતની લોકશાહી સંસ્થાઓમાં નવી ઉર્જાનો સંચાર થશે અને જનતાનો વિશ્વાસ મજબૂત થશે. તે શાસનમાં વધુ ભાગીદારી અને પ્રતિનિધિત્વ પણ સુનિશ્ચિત કરશે.

તેમણે ઉમેર્યું, હું આ પત્ર એટલા માટે લખી રહ્યો છું જેથી આપણે બધા આ સુધારાને પસાર કરવા માટે એક અવાજે સાથે મળી શકીએ. નારી શક્તિ વંદન અધિનિયમ સામાન્ય રીતે મહિલા અનામત કાયદા તરીકે ઓળખાય છે. સંસદના બજેટ સત્રને લંબાવવામાં આવ્યું છે અને ૧૬ થી ૧૮ એપ્રિલ દરમિયાન ગૃહની વિશેષ ત્રણ દિવસીય બેઠક બોલાવવામાં આવી છે.

# હૈતીમાં ઐતિહાસિક કિલ્લામાં લોકોના ઘસારામાં 30 દબાઈ મર્યા

**લોકપ્રિય** પર્યટન સ્થળ પર માર્યા ગયેલાઓમાં મોટાભાગના યુવાનો સામેલ

**લોકોની** ભીડના ઘસારાને કારણે થયેલી દુર્ઘટનામાં ઘણા ઘાયલ અને ગૂમ થયાના અહેવાલ



સિટાડેલ, તા. 12 : ઉત્તરી હૈતીમાં એક લોકપ્રિય પર્યટન સ્થળ એવા પર્વતની ટોચ પરના કિલ્લા પર લોકોની મોટી ભીડને કારણે થયેલા અકસ્માતમાં ઓછામાં ઓછા 30 લોકો મૃત્યુ પામ્યા છે અને ડઝનબંધ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

દેશના નોર્ડ વિભાગના નાગરિક સુરક્ષા વડા જીન હેનરી પેટિટે જણાવ્યું હતું કે આ ઘટના શનિવારે સિટાડેલ હેનરી ખાતે બની હતી, જેને સિટાડેલ લાફેરિયર તરીકે પણ ઓળખવામાં આવે છે, જે 19મી સદીનો એક મોટો કિલ્લો છે જે કેરેબિયન દેશની ફ્રાન્સથી સ્વતંત્રતા પછી તરત જ બનાવવામાં આવ્યો હતો.

તેમણે સ્થાનિક અખબાર લે નુવેલિસ્ટને જણાવ્યું હતું કે મોટી સંખ્યામાં લોકો ગુમ થયાના અહેવાલ હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. આઉટલેટના અહેવાલ મુજબ, કેટલાક ડઝન લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

શરૂઆતના અહેવાલોમાં જણાવાયું હતું કે મુલાકાતીઓ એક જ પ્રવેશદ્વાર સામે ખીચોખીચ ભરાયેલા હતા અને સ્થળ છોડીને પ્રવેશવાનો પ્રયાસ કરનારાઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. અન્ય સ્થાનિક મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે ટિકટોક પર જાહેરાત આપ્યા પછી એક મેળાવડો થયો હતો. એવી અફવાઓ પણ હતી કે કિલ્લાની નજીક થયેલી લડાઈને વિખેરવા માટે પોલીસે ખૂબ ટીયરગેસનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે લોકો ગભરાઈ ગયા હતા અને લોકોમાં ભારે ભીડ જોવા મળી હતી.

## સાંબામાં બે શંકાસ્પદ વ્યક્તિઓ માટે સર્ચ ઓપરેશન શરૂ કરાયું

જમ્મુ, તા. 12 (PTI) જમ્મુ-કાશ્મીરના સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીકના એક ગામમાં બે વ્યક્તિઓની શંકાસ્પદ હિલચાલ જોવા મળ્યા બાદ મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, પોલીસ, સેના અને સીમા સુરક્ષા દળ (બીએસએફ) દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન પાંગડોર, સિડકો જંગલ અને બસંતર નાળા સહિતના આસપાસના વિસ્તારોમાં ચાલી રહ્યું છે.

# મોદી સરકાર જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી કોરાણે કરવા માગે છે : કોંગ્રેસ

**દેશને** ગેરમાર્ગે દોરવા માટે સરકાર મહિલા અનામત કાયદામાં સુધારો કરવા માગે છે

નવી દિલ્હી, 12 એપ્રિલ (PTI): કોંગ્રેસે રવિવારે આરોપ લગાવ્યો હતો કે સરકાર જ્ઞાતિ આધારિત જનગણનાને કોરાણે મૂકી દેવા માંગે છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને ગેરમાર્ગે દોરવાના એજન્ડા સાથે મહિલા અનામત કાયદામાં સુધારો કરવા માંગે છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે દાવો કર્યો હતો કે મોદી સરકાર અનુચ્છેદ 334-Aમાં એવા આધારે સુધારો કરવા માંગે છે કે જ્ઞાતિ ગણતરીના પરિણામો થોડા વર્ષો સુધી ઉપલબ્ધ થશે નહીં, જે હકીકતને તે અવગણી રહી છે કે બિહાર અને તેલંગાણા બંનેએ છ મહિનાથી ઓછા સમયમાં વ્યાપક જ્ઞાતિ સર્વેક્ષણ પૂર્ણ કર્યું છે.

અનુચ્છેદ 334-Aમાં એવી જોગવાઈ સામેલ છે કે મહિલાઓ માટે બેઠકોનું અનામત જનગણના અને સીમાંકનની કવાયત પછી જ અમલમાં આવશે. જોકે, સરકારે મહિલા ક્વોટાના અમલીકરણને ઝડપી બનાવવા માટે તેને જનગણના પ્રક્રિયાથી અલગ કરવાનો નિર્ણય લીધો છે, જેમાં જ્ઞાતિ ગણતરીનો પણ સમાવેશ થશે. રમેશે X પર દાવો કર્યો હતો કે, તે સ્પષ્ટ છે કે મોદી સરકાર જ્ઞાતિ આધારિત ગણતરીને કોલ્ડ સ્ટોરેજમાં નાખવા માંગે છે, તેમણે તેને સરકારનો છુપો એજન્ડા ગણાવ્યો હતો. કોંગ્રેસના આ આરોપો પર સરકાર તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી.

રમેશે કહ્યું કે સરકાર જ્ઞાતિ ગણતરીની વિરુદ્ધ રહી છે અને ધ્યાન દોર્યું કે 20 જુલાઈ, 2021 ના રોજ લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે તેણે નીતિગત બાબત તરીકે જનગણનામાં SC અને ST સિવાયની અન્ય જ્ઞાતિવાર વસ્તીની ગણતરી ન કરવાનો નિર્ણય લીધો છે. 21 સપ્ટેમ્બર, 2021 ના રોજ મોદી સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી કે તેણે જ્ઞાતિ ગણતરી ન કરવાનો સભાન નીતિગત નિર્ણય લીધો છે તેમ રમેશે જણાવ્યું હતું.

# કંગાળ પાકિસ્તાનને સાઉદી, કતાર 5 અબજ ડોલરની સહાય આપશે

**આ મહિને** પાકિસ્તાને UAEને 3.5 અબજ ડોલર ચુકવવાના છે અને તેના ફોરેક્સ રિઝર્વ પર ભારે દબાણ છે

ઈસ્લામાબાદ, તા. 12(PTI): આર્થિક સંકડામણનો સામનો કરી રહેલું પાકિસ્તાન સાઉદી અરેબિયા અને કતાર પાસેથી 5 અબજ અમેરિકી ડોલરની નાણાકીય સહાય મેળવવા જઈ રહ્યું છે, જે રવિવારના એક મીડિયા અહેવાલ મુજબ તેની નાજુક બાહ્ય સ્થિતિ માટે નિર્ણાયક ટેકો પૂરો પાડશે.

આ અપેક્ષિત પ્રવાહ એવા મહત્વના વળાંક પર આવી રહ્યો છે જ્યારે ઈસ્લામાબાદ આ મહિને સંયુક્ત આરબ અમીરાત(UAE) ને 3.5 અબજ ડોલરની ચુકવણી કરવાની તૈયારી કરી રહ્યું છે અને તેના વિદેશી હૂંડિયામણના ભંડાર પર દબાણનો સામનો કરી રહ્યું છે, તેમ 'ડોન' અખબારે જણાવ્યું હતું. નાણા મંત્રાલયના સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે પાકિસ્તાનના નબળા વિદેશી ભંડાર પરના દબાણને ટાળવા માટે સાઉદી અરેબિયા અને કતાર 5 અબજ ડોલરની નાણાકીય સહાય પૂરી પાડશે.

આ ઘટનાવિકાસ એવા સમયે થયો છે જ્યારે નાણા પ્રધાન મુહમ્મદ ઔરંગઝેબ IMF-વર્લ્ડ બેંકની સ્પ્રિંગ મીટિંગમાં ભાગ લેવા અને પાકિસ્તાનની આર્થિક મુત્સદ્દીગીરીને આગળ વધારવા વોશિંગ્ટનની મુલાકાતે છે.

ઔરંગઝેબ 13 થી 18 એપ્રિલ દરમિયાન નિર્ધારિત બેઠકોમાં ભાગ લેશે, જ્યાં તેઓ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ(IMF) અને વિશ્વ બેંકના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાટાઘાટો કરે તેવી અપેક્ષા છે. નીતિ ઘડવૈયાઓ આ વાતચીતને વ્યાપક વ્યૂહાત્મક પહોંચના ભાગ તરીકે જુએ છે, જેમાં એવા સંકેતો છે કે વર્તમાન સંદર્ભમાં કાર્યક્રમની કડક શરતો અથવા UAE સહિતના તૃતીય-પક્ષ ગેરંટી આપનારાઓ પર નિર્ભરતા જેવા પરંપરાગત પરિબળોનું મહત્વ ઓછું હોઈ શકે છે.

## પશ્ચિમ બંગાળમાં SIR સંબંધિત અરજીઓ પર આજે સુપ્રીમમાં સુનાવણી

નવી દિલ્હી, તા. 12 (PTI): સુપ્રીમ કોર્ટ સોમવારે ચૂંટણીવાળા પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સંબંધિત અરજીઓના સમૂહ પર સુનાવણી કરવાની છે. સર્વોચ્ચ અદાલતની 13 એપ્રિલની કોઝ લિસ્ટ (કાર્યસૂચિ) મુજબ, મુખ્ય ન્યાયાધીશ સૂર્યા કાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બનેલી બેન્ચ આ અરજીઓ પર સુનાવણી કરશે. 10 એપ્રિલના રોજ, ટોચની અદાલતે પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીઓ ફ્રીઝ (સ્થગિત) કરવાના નિર્ણયને પડકારતી પેન્ડિંગ અરજીઓ સાથે એક નવી અરજી પર 13 એપ્રિલે સુનાવણી કરવા સહમતી દર્શાવી હતી. ચૂંટણી પંચે પ્રથમ તબક્કામાં જ્યાં મતદાન થવાનું છે તેવી વિધાનસભા બેઠકો માટે 9 એપ્રિલના રોજ મતદાર યાદીઓને ફ્રીઝ કરી અંતિમ સ્વરૂપ આપ્યું છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં 23 અને 29 એપ્રિલના રોજ યોજાશે અને મતોની ગણતરી 4 મેના રોજ થશે. મતદાર યાદી ફ્રીઝ કરવાનો અર્થ એ છે કે જે વ્યક્તિનું નામ ડિલીટ (રદ) કરવામાં આવ્યું છે, તેવી કોઈ પણ નવી વ્યક્તિને આ વિધાનસભા ચૂંટણી માટે મતદાર યાદીમાં ઉમેરી શકાશે નહીં.

## નાઇજિરિયામાં વાયુસેનાના ભૂલથી હુમલામાં આશરે 100 લોકોનાં મોત

અબુજા, તા. 12 (AP) ઉત્તર-પૂર્વીય નાઈજિરિયામાં જેહાદી બળવાખોરોને નિશાન બનાવીને કરવામાં આવેલા નાઈજિરિયન એરફોર્સના હુમલામાં સ્થાનિક બજારમાં ૧૦૦થી વધુ રહેવાસીઓનાં મોત થયાં છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. એમ એક માનવાધિકાર જૂથ અને સ્થાનિક મીડિયાએ રવિવારે અહેવાલ આપ્યો હતો. અધિકારીઓએ આ ભૂલથી ગોળીબાર કે હુમલાની પુષ્ટિ કરી હતી પરંતુ તેની વધુ વિગતો આપી ન હતી. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે જણાવ્યું હતું કે, તેણે બચી ગયેલા લોકો પાસેથી પુષ્ટિ કરી છે કે બોરનો રાજ્યની સરહદ નજીક યોબે રાજ્યના એક ગામમાં થયેલા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 100 લોકો માર્યા ગયા છે, જે એક દાયકાથી વધુ સમયથી આ પ્રદેશમાં તબાહી મચાવી રહેલા જેહાદી વિદ્રોહનું મુખ્ય કેન્દ્ર છે.

# MPમાંથી 163 સગીર છોકરાઓને મહારાષ્ટ્ર લઈ જવાતા બચાવાયા

**તસ્કરી** કરીને લઇ જવાતા છોકરાઓને પટના-પૂર્ણા એક્સપ્રેસમાંથી બચાવી આઠ શખસોની અટકાયત

**ઝડપાયેલા** લોકોએ 6થી 13 વર્ષના છોકરાઓને શિક્ષણ માટે લાતુરની મદરેસામાં લઇ જવાતા હોવાનું કહ્યું

કટની (MP), તા. 12 (PTI): બિહારથી મહારાષ્ટ્રમાં મજૂરી કામ માટે કથિત રીતે તસ્કરી કરવામાં આવી રહેલા 163 સગીર છોકરાઓને મધ્ય પ્રદેશના કટની જિલ્લામાં એક એક્સપ્રેસ ટ્રેનમાંથી બચાવી લેવામાં આવ્યા છે. એમ રેલવે પોલીસે રવિવારે જણાવ્યું હતું.

આ કેસમાં ધરપકડ કરાયેલા આઠ આરોપીઓએ જોકે એવો દાવો કર્યો છે કે 6 થી 13 વર્ષની વયના આ બાળકોને શિક્ષણ માટે લાતુરની એક મદરેસામાં લઈ જવામાં આવી રહ્યા હતા. ચાઈલ્ડ વેલ્ફેર કમિટીની બાતમીના આધારે, રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) અને ગવર્મેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) એ રાતભર સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. તેઓએ કટની રેલવે સ્ટેશન પર પટના-પૂર્ણા એક્સપ્રેસમાં સવાર આઠ વ્યક્તિઓની અટકાયત કરી હતી, જેઓ યોગ્ય ટિકિટ અને દસ્તાવેજો વિના બાળકો સાથે મુસાફરી કરી રહ્યા હતા. આરપીએફ કટનીના ઈન્સ્પેક્ટર વીરેન્દ્ર સિંહે જણાવ્યું કે, પ્રાથમિક માહિતી મુજબ બાળકોને બિહારના અરરિયા વિસ્તારમાંથી મહારાષ્ટ્રના લાતુર લઈ જવામાં આવી રહ્યા હતા.

અધિકારીએ કહ્યું કે, ફોર્સને બાળકોની તસ્કરી અંગેની બાતમી મળી હતી અને જ્યારે તેમની પાસે કોઈ માન્ય પ્રવાસ દસ્તાવેજો ન મળ્યા ત્યારે શંકા પ્રબળ બની હતી.

આથી સંયુક્ત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જે રવિવારે પરોઢિયે પૂર્ણ થઈ હતી. સિંહે જણાવ્યું હતું કે, જીઆરપીએ બિહારના વિવિધ જિલ્લાઓના આ આઠ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ 143(4) (અઢાર વર્ષથી ઓછી ઉંમરના બાળકની તસ્કરી) હેઠળ કેસ નોંધ્યો છે.

## કેલિફોર્નિયામાં મિત્રો સાથે વોટરફોલ જોવા ગયેલા આંધ્રના ટેકીનું મોત

પિરીડી (આંધ્ર પ્રદેશ), તા. 12 (PTI): યુનાઈટેડ સ્ટેટ્સમાં એક સોફ્ટવેર કંપનીમાં કામ કરતા આંધ્ર પ્રદેશના એક ટેકીનું (સોફ્ટવેર એન્જિનિયર) કેલિફોર્નિયામાં મિત્રો સાથે વોટરફોલની મુલાકાત દરમિયાન અકસ્માતમાં મોત નીપજ્યું હતું. એમ રવિવારે એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. મૃતકની ઓળખ સિંગીરેડ્ડી સાઈ શ્રીહરિક્રિષ્ના તરીકે થઈ છે, જે વિજિયાનગરમ જિલ્લાના પિરીડી ગામનો વતની હતો.

અધિકારીએ જણાવ્યું કે, "કેલિફોર્નિયામાં એક વોટરફોલની મુલાકાત દરમિયાન અકસ્માતની ઘટનામાં ટેકીનું મોત થયું હતું." આ ઘટનાથી સંબંધીઓ અને ગ્રામજનો આઘાતમાં સરી પડ્યા છે અને તેના અકાળ અવસાન પર શોક વ્યક્ત કરી રહ્યા છે.

## ચીન તાઈવાન સાથે વધુ સીધી ફ્લાઈટ્સ સહિતના સંબંધો ફરી શરૂ કરશે

બેંગકોક, તા. 12 (AP) ચીને રવિવારે જણાવ્યું હતું કે, તે તાઈવાન સાથે સ્થગિત કરેલા કેટલાક સંબંધો ફરી શરૂ કરશે, જેમ કે ચીનના વિવિધ શહેરોમાં સીધી ફ્લાઈટ્સ અને તાઈવાનના જળચરઉછેર ઉત્પાદનોની આયાત. આ નિર્ણય તાઈવાનના વિરોધ પક્ષના નેતાની ચીન મુલાકાત પૂર્ણ થયા બાદ લેવામાં આવ્યો છે. ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી હેઠળની તાઈવાન વર્ક ઓફિસ દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, તે કમ્યુનિસ્ટ પાર્ટી અને તાઈવાનની કુઓમિનતાંગ પાર્ટી વચ્ચે લાંબા સમયથી ચાલી આવતી સંવાદ વ્યવસ્થા સ્થાપિત કરવાની શોધ કરશે.


